હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમને પકડવા નથી આવ્યો... પણ સમજાવુ છુ કે ઓન લાઇન જુગાર રમો ને... કાયદો શુ કામ હાથમાં લો છો...!!

શહેરના સ્કુલવાન-બસ-રીક્ષા ચાલકોને ટ્રાફિક નિયમનું પાલન કરવા આદેશ

ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી થશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વિદ્યાર્થીઓને ઘેટા-બકરાની જેમ ખીચોખીચ ભરી સ્કુલવાન, બસ તેમજ રીક્ષાઓ દોડાદોડી કરતી જોવા મળે છે. ટ્રાફિક નિયમોનું પાલન કર્યા વિના બિન્દાસ્ત વાહનો હંકારતા ચાલકો જોવા મળે છે. ત્યારે આજે સ્કુલવાન, બસ અને રીક્ષાના ડ્રાઈવરોને ટ્રાફિક નિયમનું પાલન કરવા ટ્રાફિક પોલીસ દ્વારા કડક સુચના આપવામાં આવી છે. જયારે નિયમોનું પાલન નહી કરનાર વાહન ચાલક સામે દંડનીય અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં માર્ગ અકસ્માતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે.ત્યારે શહેરની વિવિધ શાળાઓની બસ-વાન,ઈકો, રીક્ષા સહિતના ચાલકો ટ્રાફિકના નિયમોનો ઐસી તેસી કરી રોકેટગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે કેટલીકવાર નાનામોટા અકસ્માત સર્જાતા હોય છે. સ્કુલના વાહનો ચલાવતા ડ્રાઈવર પોતાની નાની ભુલને પગલે બાળકોના જીવ ઝોખમમાં મુકતા હોય છે. જેથી ગાંધીનગર ટ્રાફિક પીઆઈ જી.કે.ભરવાડ દ્વારા સ્કુલબસ, વાન, ઈકો, રીક્ષા, સહિતના વાહનો હંકારતા ચાલકોને બોલાવી ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા માટે સુચના આપી હતી. ત્યારે ટ્રાફિકના નિયમોનું પાલન કરીને ગતિ નિયમનમાં સ્કુલના વાહનો હંકારવા જણાવાયું છે. જયારે નિયમ મુજબ વાહનમાં વિદ્યાર્થીઓને બેસાડવા માટે પણ તાકિદ કરાઈ છે.

શહેરમાં સ્કુલબસ, વાન કે અન્ય વાહન ચાલકો ટ્રાફિક નિયમનો ભંગ કરી વાહન હંકારતા નજરે પડશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જયારે સ્કુલ સંચાલક અને ટયુશન સંચાલકોને પણ વાન કે બસમાં નિયત મુજબ વિદ્યાર્થીઓને બેસાડવા માટે જણાવ્યું છે. જો વધુ વિદ્યાર્થીઓ બેસાડેલા હશે તો બસ કે વાન ડીટેઈન કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે સવારે થયેલા ફરફરિયા વરસાદથી પાટનગરવાસીઓ ભીંજાયા હતા.
- ગાંધીનગર શહેરમાં ઢોર ડબ્બાનો વિવાદ પ્રજામાં આજે સતત ચર્ચામાં રહેવા પામ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમનને લઈ હવે પોલીસ એકશન મોડમાં આવી છે. સ્કૂલ બસના ડ્રાયવરોની આજે યોજાયેલી બેઠકમાં આ અંગે તાકીદ કરવામાં આવી હતી.
- પ્રધાનમંત્રીના ગાંધીનગરના બે દિવસના પ્રવાસને લઈ જિલ્લાતંત્રની દોડધામ વધી જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ભાજપી સભ્યો હમણા દોડધામમાં વધુ વ્યસ્ત બન્યા છે તેમજ ગુમ બેઠકો યોજી રહ્યાની ચર્ચાએ જોર પકડ્યુ છે.
- ૨૮મીએ યોજાનાર રાજ્ય સ્વાગત કાર્યક્રમને લઈ પણ તંત્ર વધુ વ્યસ્ત બન્યુ છે.
- મહેસુલ વિભાગ દ્વારા સ્વર્ગસ્થ કર્મચારીનો બદલીનો કરાયેલ ઓર્ડર એ આજે સચિવાલયમાં ભારે ચર્ચા જગાવી હતી.
- માણસાના બિલોદરા ગામના મંદિરમાંથી બે છત્રની ચોરી ધોળા દિવસે થઈ હોવાથી ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી છે.
- લોદરા ગામની સીમના બોરકુવા પરથી કેબલ વાયરની ચોરી થઈ.
- રણાસણ ગામના રેલ્વે ટ્રેક પાસે આવેલી ઓરડીમાંથી ૭૩ હજારનો વિદેશી દારૂ ઝડપાયો.
- કલોલમાં અંબિકા બસ સ્ટેશન પાસે પાર્ક કરેલ બાઈક ચોરાયાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.
- કલોલમાં આંખના પલકારામાં રાહદારીના હાથમાંથી મોબાઈલ ઝુંટવી ઈસમો ફરાર થયા.
- દહેગામના ચાંપાપુરમાં ગોબરગેસ પ્લાન્ટનો ફુગ્ગો ધડાકા સાથે ફુટતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેતા કાદવ-કીચડની સ્થિતિને લઈ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવેતરમાં ફંગસ જોવા મળી રહી હોવાની ફરિયાદો ઉઠી છે.
- શાકભાજીના ભાવો વધતાં ગૃહીણીઓ પરેશાન થઈ ગઈ છે.
- મંદિરોમાં થઈ રહેલા હિંડોળાના દર્શને મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે. રોજ અલગ અલગ હિંડોળાના આયોજન કરવામાં આવી રહ્યા છે.
- ગાંધીનગર મનપાના કમિશનરે આજે સોસિયલ મિડિયાના અગ્રણીઓની સાથે બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે.

રણાસણ રેલ્વે ટ્રેક નજીક બંધ મકાનમાંથી રૂ.૭૩ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના રણાસણ રેલ્વે ટ્રેક નજીકના બંધ મકાનમાં દરોડો પાડીને ડભોડા પોલીસે રૂ.૭૩ હજાર થી વધુની કિંમતનો વિદેશી દારૂની ૬૭૨ બોટલ ઝડપી પાડી છે. જયારે દારૂનો જથ્થો ગામના જ બુટલેગરનો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વોન્ટેડ બુટલેગર ગોપાલ ગોહિલ સામે પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે એલસીબી પોલીસે બાલવા ચોકડીથી કારમાંથી રૂ.૩૨ હજારના વિદેશી દારૂના જથ્થા સાથે એકની ધરપકડ કરી છે.

બાલવા ચોકડી પાસે એલસીબી-૨ પોલીસે કારમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપી પાડી

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણા પોલીસ મથક વિસ્તારમાં દારૂ-જુગારની પ્રવૃતિઓ કરતા શખ્સો સામે સઘન કાર્યવાહી કરવા સુચના આપી હતી. જે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રણાસણ ગામના ગોપાલ ગોહિલ નામનો બુટલેગર રણાસણ ગામ નજીક આવેલા રેલ્વે ટ્રેક નજીકમાં એક બંધ મકાનની ઓસરીમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ પાડી હતી. જયાં બંધ મકાનની ઓસરીના ખુણામાં સંતાડી રાખેલો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે દારૂના જથ્થાની ગણતરી કરતા ૬૭૨ દારૂના કવાર્ટર મળી આવ્યા હતા. ડભોડા પોલીસે રૂ.૭,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગોપાલસિંહ ગોહિલ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.જયારે બીજીતરફ એલસીબી-૨ પોલીસે બાતમીને પગલે બાલવા ચોકડી વોચ ગોઠવી આઈ-૧૦ કારમાંથી રૂ.૩૨,૬૫૦ ની કિંમતનો વિદેશી દારૂની બોટલ નંગ-૪૮ કબ્જે કરી ઉદેપુરના નારાયણ સિંગ ભવાની સિંગ રાવેને આબાદ રીતે પકડી પાડ્યો હતો.આ દારૂનો જથ્થો સરગાસણના પાર્થ નામના બુટલેગરે મંગાવ્યો હતો. જેથી ઉદેપુરના અનીસ નામના બુટલેગરે કારમાં ભરી આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

બીએસએફ ખાતે ૪૩ મો કુસ્તી વિભાગનો શુભારંભ

ગાંધીનગર,તા.૨૬

૪૩ મો બીએસએફ ઈન્ટર ફ્રન્ટયર કુશ્તી વિભાગ ૨૦૨૩ નો શુભારંભ બી. એસ. એફ ગાંધીનગર ખાતે જોશ અને ઉત્સાહથી થયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે ગુજરાત પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાય, બીએસએફના ઉચ્ચ અધિકારીઓ, જવાનો તેમજ તેમના પરિવારના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.ગાંધીનગર બીએસએફ ખાતે તા.૨૫ થી ૨૯ જુલાઈ સુધી રમત સ્પર્ધા યોજાશે.જેમાં કુશ્તી, મુક્કેબાજી, કબડ્ડી, અને બોડી બિલ્ડીંગમાં ઉચ્ચ સન્માન મેળવવાની સ્પર્ધા કરવા માટે બીએસએફ પૂર્વ અને પશ્ચિમ વિભાગના ૯૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો છે. જયારે બીએસએફના ખેલાડી ઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતોમાં ભારતનું પ્રતિનિધત્વ કરીને ૨ પદ્મશ્રી અને ૧૭ અર્જુન એવોર્ડ પુરસ્કા રોથી સન્માનિત કર્યા છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ ગુજરાત પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયએ જણાવ્યું હતું કે એકતા, અનુસાશન, અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને પ્રોત્સાહન આપી રમતોના મહત્વ પર જોર આપ્યું હતું. ગુજરાત ફ્રન્ટયર બી. એસ. એફ.ના મહા નિરીક્ષક રવિ ગાંધીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ૪૩ માં બીએસએફ ઈન્ટર ફ્રન્ટયર કુશ્તી વિભાગના આયોજન માટે ખુશી વ્યકત કરી હતી અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોની તેમજ અધિકારીઓની પ્રશંસા કરી હતી.

આ ખેલ શુભારંભ પ્રસંગે મોટીસંખ્યામાં બી. એસ. એફના ઉચ્ચ અધિકારીગણ તેમજ જવાનો સહિત પરિવારજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જી.આઈ.પી.એસ. પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા 'વર્ષાઋતુ'ની ઉત્સાહભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજામાં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તા. ૨૬-૭-૨૦૨૩ બુધવારના રોજ 'વર્ષાઋતુ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ઋતુ વિષે તમામ પ્રકારની માહિતી આપવામાં આવી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી ગ્રેજ્યુએશન પછી ૩ વર્ષ સુધી ડીફર્ડ પ્લેસમેન્ટ પૂરું પાડશે

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ, ૨૫ જુલાઈ, ૨૦૨૩: સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ ભારતની આ પ્રકારની સૌપ્રથમ યુનિવર્સિટી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ ગુરુવારના રોજ જાહેર કર્યું હતું કે, તેઓ વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં જ ત્રણ વર્ષ સુધીની ડીફર્ડ પ્લેસમેન્ટ પૂરી પાડશે. તેનો અર્થ એ થયો કે જે વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થશે તેઓ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયાં પછી ત્રણ વર્ષ સુધીના સમયગાળા માટે કેમ્પસ પ્લેસમેન્ટનો લાભ ઉઠાવી શકશે. યુનિવર્સિટીના સત્તાધિકારી ઓના જણાવ્યાં મુજબ, આ પહેલ વર્તમાન શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩-૨૦૨૪થી જ લાગુ થઈ જશે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારતની પ્રથમ યુનિવર્સિટી છે, જે સ્ટાર્ટઅપ્સને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. હાલમાં આ યુનિવર્સિટી ખાતે ૨૩ સ્ટાર્ટઅપ્સને ઈક્યુબેટ કરવામાં આવી રહ્યાં છે. હાલમાં, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીમાં લગભગ ૩,૫૦૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. આ યુનિવર્સિટીમાં ભણી ચૂકેલા વિદ્યાર્થીઓ તરફથી પ્રાપ્ત થયેલી પ્રતિક્રિયાના આધારે આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વાસણા ચૌધરી પ્રાથમીક શાળા ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨૬

સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દહેગામ દ્વારા વાસણા ચૌધરી ગામ ખાતે પ્રાથમિક શાળા માં સ્વામી વિવેકાનંદ વન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા ઉપ પ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, તાલુકા પ્રમુખ નેહાબેન ના પતિ કેતનભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ જોન સંયોજક રોનકભાઈ ભાઈ પટેલ તાલુકા સંયોજક દશરથસિંહ રાઠોડ, બળદેવસિંહ મકવાણા, વાસણા ચૌધરી સરપંચશ્રી, ઈશ્વરભાઈ ચૌધરી, ગ્રામ પંચાયત ઉપ સરપંચશ્રી, સભ્યો શ્રી, તલાટીકમ મંત્રી શ્રી, શાળાના આચાર્ય શ્રી, શિક્ષકશ્રી, સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ના અમલીકરણ માટે સ્ટ્રેટેજિક એક્શન પ્લાન પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ ત્રણ વર્ષ પૂર્ણ થવાની નજીક છે, ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (આઈઆઈટીજીએન), ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય - વડોદરા, પ્રાદેશિક ડિરેક્ટોરેટ ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ; અને કેન્દ્રીય વિદ્યાલય સંગઠન (કેવીએસ) - અમદાવાદ રિજિયન દ્વારા આજે આઈઆઈટીજીએન ખાતે "નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ના અમલીકરણ માટે સ્ટ્રેટેજિક એક્શન પ્લાન" વિષય પર એક પત્રકાર પરિષદનું સંયુક્ત પણે આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોફેસર રજત મૂના, ડાયરેક્ટર, આઈઆઈટીજીએન; પ્રોફેસર મનોજ ચૌધરી, વાઈસ ચાન્સેલર, ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય -વડોદરા; શ્રી જે પી મીના, પ્રાદેશિક નિયામક, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા; તથા કેવીએસ – અમદાવાદ રીજનના ડેપ્યુટી કમિશનર શ્રીમતી શ્રુતિ ભાર્ગવનો સમાવેશ થાય છે.

પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું અને એનઈપીના અમલીકરણ તરફ લેવામાં આવેલી પહેલ અંગે વિસ્તૃત વર્ણન કર્યું હતું.

વર્ષ ૨૦૨૦માં રજૂ કરવામાં આવેલ, એનઈપી દરેક વ્યક્તિની મૂળભૂત અને ઉચ્ચ જ્ઞાનાત્મક ક્ષમતાઓ, જેમ કે જટિલ વિચારસરણી અને સમસ્યા-નિરાકરણને વિકસાવવા પર ભાર મૂકે છે. તે આવી જવાબદારી માટે આપણા યુવાનોને વિકસાવવા અને તૈયાર કરવા માટેનો માર્ગ મોકળો કરે છે, અને તેમને ભવિષ્યમાં ઉભરતી રોજગારીની ભૂમિકાઓ માટે તૈયાર કરે છે.

આઈઆઈટીજીએનનું વિઝન એનઈપીના લક્ષ્ય સાથે કેવી રીતે સુસંગત છે તે અંગે વાત કરતાં આઈઆઈટીજીએનના ડિરેક્ટર પ્રોફેસર રજત મૂનાએ જણાવ્યું હતું"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ પ્રગતિશીલ અને સુગ્રથિત અભિગમ ભારતીય શિક્ષણને વૈશ્વિક માન્યતા આપશે.

તેણે શરૂઆતથી જ સંપૂર્ણ શિક્ષણ પ્રદાન કરવાનો માર્ગ મોકળો કર્યો છે, જેથી આપણી આવનારી પેઢીને જ્ઞાન, કૌશલ્યો, ક્ષમતાઓ અને સંવેદનશીલતાથી સજ્જ કરી શકાય અને ભારતનું નેતૃત્વ ૨૧માં થઈ શકે.જ સદી. આઈઆઈટી ગાંધીનગર હંમેશાં નવીન, લવચીક અને આંતરશાખાકીય અભ્યાસક્રમની મશાલચી રહી છે અને તેની સાથે સાથે અત્યાધુનિક સંશોધન, નવીનીકરણ, લર્નિંગ-બાય-ડુઈંગ, હ્યુમેનિટીઝ વિષયો અને ઉદ્યોગના સંપર્ક પર ભાર મૂકવામાં આવ્યો છે. તેથી, હું દ્રઢપણે માનું છું કે એનઈપી મારફતે, ભારતમાં શિક્ષણના ભાવિને મોટો વેગ મળશે. "

એનઈપીનું વિઝન વ્યાપક-આધારિત, લવચીક અને બહુશાખાકીય શિક્ષણ વ્યવસ્થા મારફતે ભારતને ફરીથી વૈશ્વિક જ્ઞાનની મહાસત્તામાં પરિવર્તિત કરવાનું છે. અખિલ ભારતીય શિક્ષા કાર્યક્રમનું ઉદઘાટન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૯ જુલાઈ, ૨૦૨૩નાં રોજ આઈટીપીઓ, પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતે કરશે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ત્રીજી વર્ષગાંઠ સાથે સુસંગત છે.

શિક્ષણ મંત્રાલય અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા આયોજિત આ બે દિવસીય કાર્યક્રમ એનઈપી ૨૦૨૦ના અમલીકરણમાં શાળાઓ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને કૌશલ્ય સંસ્થાઓના નિષ્ણાતો માટે આંતરદૃષ્ટિ, વ્યૂહરચનાઓ, સફળતાની ગાથાઓ અને શ્રેષ્ઠ પદ્ધતિઓ પર ચર્ચા કરવા, વિચાર-વિમર્શ કરવા અને વહેંચવા માટે એક મંચ પ્રદાન કરશે.

કપાસનું સરકારી બિયારણ નબળી ગુણવત્તાનું નીકળતા ખેડૂતની હાલત કફોડી

આર્થિક નુકસાન સામે વાળતરની માંગ સાથે કૃષિ મંત્રી સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજ્ય બીજ ભવનમાંથી ખરીદેલું કપાસનું બિયારણ જીટીએચ ૪૯ નબળી ગુણવત્તાનું નીકળતા ખેડૂતની હાલત કફોડી થવા પામી છે. ઉનાવા ગામના એક ખેડૂતે આશરે ૧૦ વીઘા જેટલી જમીનમાં અંદાજે લાખ એક રૂપિયાનો ખર્ચ તથા કાળી મજૂરી કરીને વાવેલા જીટીએચ ૪૯ બિયારણના કપાસનો અઢી મહિના થવા છતાં વિકાસ ના થતા ખેડૂતે વળતર માટે કૃષિ મંત્રી સમક્ષ ધા નાખી છે. ઉનાવાના ખેડૂત વિપુલભાઈ બાબુભાઈ નાયકે તાજેતરમાં કૃષિ મંત્રીને કરેલી ફરિયાદ અનુસાર તેમણે મે માસમાં ગુજરાત રાજ્ય બીજ ભવનમાંથી ખરીદેલું કપાસના બિયારણ જીટીએચ ૪૯ના ૧૦ પેકેટનું પોતાની સાડા નવ વીઘા જેટલી જમીનમાં વાવેતર કર્યું હતું. આ વાવેતરને ૪૫થી ૫૦ દિવસ થવા છતાં કપાસનો વિકાસ થયો નથી. તેમના જણાવ્યા અનુસાર સામાન્ય રીતે આટલા દિવસમાં તેમના

કપાસનો છોડ ત્રણથી ચાર ફૂટનો થઈ જવો જોઈએ તેના બદલે માંડ એક દોઢ ફૂટની આસપાસનો જ રહેવા પામ્યો છે. આ વાવેતર પાછળ તેમણે એક વીઘા દીઠ અંદાજે ૧૦,૦૦૦ જેટલો ખર્ચ એમ મળીને કુલ એક લાખ રૂપિયાની આસપાસનો ખર્ચ કર્યો હોવા ઉપરાંત તેની પાછળ ડીએપી આપવા સહિતની તમે માવજત અને કાળી મજૂરી પણ કરી છતાં આ કપાસનો વિકાસ થયો નથી જેનું કારણ નબળી કક્ષાનું બિયારણ હોવાનું જણાવ્યું છે. તેમની ફરિયાદને આધારે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીથી સંશોધન નિયામક અને તલોદ ખાતેના કપાસ સંશોધન કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિક સહિતની ટીમ તારીખ ૨૪ જુલાઈ સોમવારના રોજ રૂબરૂ મુલાકાત કરી ચૂકી છે. જો કે તેમના રિપોર્ટથી ખેડૂત વિપુલભાઈ ને સંતોષ ન હોવાનું જણાવતા તેમણે પોતાને થયેલા આર્થિક નુકસાન સામે વળતર માટે માંગ કરી રહ્યા છે.